કરોડોના ખર્ચે બનેલું ટર્મિનલ હજી પણ માત્ર સ્થાનિક ઉડાન પૂરતું સીમિત

વડોદરા એરપોર્ટના લોકાર્પણના 'દાયકા' પછી પણ આં.રાષ્ટ્રીય ફ્લાઈટના ફાંફા: હજ યાત્રિકોનો ઉગ્ર આક્રોશ

વિદેશ જતા મુસાફરોએ મુંબઈ-અમદાવાદના ધક્કા ખાવા પડતા હોવાથી સ્થિતિને ગણાવી 'શરમજનક'

(પ્રતિનિધિ) વડોદરા તા.20

સંસ્કારી નગરી વડોદરાને આંતરરાષ્ટ્રીય કક્ષાનું એરપોર્ટ મળ્યાને એક દાયકો જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં, આજદિન સુધી અહીંથી એક પણ ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ ન થતાં સ્થાનિકો અને પ્રવાસીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. તાજેતરમાં વડોદરાથી પવિત્ર હજ યાત્રાએ જવા રવાના થયેલા 42 હજીઓના એક ગ્રુપે આ મુદ્દે તંત્ર અને શાસકો સામે પોતાનો ઉગ્ર આક્રોશ ઠાલવ્યો છે. યાત્રિકોએ તાકીદે આંતરરાષ્ટ્રીય હવાઈ સેવાઓ શરૂ કરવાની માંગ સાથે આ સ્થિતિને વડોદરા માટે અત્યંત શરમજનક ગણાવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાના હરણી સ્થિત આધુનિક એરપોર્ટ ટર્મિનલનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વર્ષો પહેલાં કરવામાં આવ્યું હતું. તે સમયે વડોદરાવાસીઓને આશા હતી કે હવે તેમને વિદેશ જવા માટે અમદાવાદ કે મુંબઈના ધક્કા નહીં ખાવા પડે. પરંતુ લોકાર્પણના 10 વર્ષ પછી પણ આ આંતરરાષ્ટ્રીય ટર્મિનલ માત્ર સ્થાનિક ડોમેસ્ટિક ફ્લાઈટ્સ પૂરતું જ સીમિત રહી ગયું છે.

હજ પઢવા માટે રવાના થઈ રહેલા વડોદરાના 42 યાત્રિકોના ગ્રુપે એરપોર્ટ પરથી મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, વડોદરા આટલું મોટું અને વિકસિત શહેર હોવા છતાં અહીંથી સીધી ઈન્ટરનેશનલ ફ્લાઈટ ન હોવાને કારણે વડીલો, મહિલાઓ અને બાળકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અમારે નાછૂટકે અન્ય શહેરોના એરપોર્ટ પર જવું પડે છે, જેના કારણે સમય અને નાણાં બંનેનો વેડફાટ થાય છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા આ આધુનિક એરપોર્ટ પર ઈન્ટરનેશનલ ફ્લાઈટ ન હોવી એ વડોદરાના વિકાસના દાવાઓ વચ્ચે એક શરમજનક બાબત છે.

શહેરના અગ્રણીઓ અને પ્રવાસીઓનું પણ કહેવું છે કે વડોદરા અને તેની આસપાસના આણંદ, નડિયાદ અને ભરૂચ જિલ્લામાંથી હજ, ઉમરાહ તેમજ અન્ય વિદેશ પ્રવાસે જતા લોકોની સંખ્યા ખૂબ મોટી છે. જો વડોદરાથી જ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ શરૂ કરવામાં આવે, તો મધ્ય ગુજરાતના લાખો મુસાફરોને મોટી રાહત મળી શકે તેમ છે. યાત્રિકોએ સરકાર અને એરપોર્ટ ઓથોરિટીને વડોદરા પ્રત્યેની આ ઉદાસીનતા ખંખેરી વહેલી તકે આંતરરાષ્ટ્રીય સેવાઓ કાર્યરત કરવા સખત અપીલ કરી છે.

ટ્યુશન સંચાલકોનું હલ્લાબોલ, કોન્સેપ્ટ અને ઈન્ટિગ્રેટેડ સ્કૂલો સામે રેલી યોજી રજૂઆત

સરકારનો પરિપત્ર ઘોળીને પી જનાર સ્કૂલો સામે કલેક્ટરને આવેદન પાઠવી સખત પગલાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

બરોડા એકેડમિક એસોસિએશન અને વડોદરા એકેડમી ફેડરેશન ઓફ ગુજરાતના બેનર હેઠળ શહેરના તમામ ટ્યુશન ક્લાસના સંચાલકો એકત્ર થઈ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કોન્સેપ્ટ સ્કૂલ, ઈન્ટિગ્રેટેડ સ્કૂલ અને ખાનગી સ્કૂલોના વિરોધમાં રેલી રૂપે ઉગ્ર રજૂઆત કરી હતી. સરકારી પરિપત્રનો ભંગ કરતી સ્કૂલો સામે સખતમાં સખત પગલા લેવાની માંગ કરવામાં આવી હતી.

બરોડા એકેડમિક એસોસિએશનના આગેવાનોએ આક્ષેપ કર્યો કે ગુજરાત સરકારના પરિપત્રનો ખાનગી સ્કૂલો ખુલ્લેઆમ ભંગ કરી રહી છે. ટ્યુશન અધિનિયમ એક્ટ 2002, આ એક્ટ હેઠળ શાળાના કેમ્પસમાં કે કેમ્પસની બહાર શાળાનો કોઈપણ કર્મચારી પૈસા લઈને કે વગર પૈસાએ કોઈપણ પ્રકારનું ટ્યુશન કરી શકે નહીં. છતાં સ્કૂલો કોન્સેપ્ટ સ્કૂલ, ઈન્ટિગ્રેટેડ સ્કૂલ પ્રોગ્રામ ના બેનર હેઠળ ટ્યુશન ચલાવે છે. એફઆરસીના નિયમો ઉપરાંત વધારાની ફી લઈને મધ્યમ વર્ગના વાલીઓ પર આ સ્કૂલો આર્થિક બોજ ઊભો કરી રહી છે. ડમી અને, કન્સેપ્ટ સ્કૂલ ઈન્ટિગ્રેટેડ સ્કૂલમાં ચાલતા કન્સેપ્ટ ક્લાસિસ ના વિરોધમાં મહારેલી ના બેનર સાથે વિરોધ પ્રદર્શન કરાયું હતું. માંગ કરવામાં આવી કે સરકારના પરિપત્રનો ઉલંઘન કરતી આવી શાળાઓ સામે તાત્કાલિક ધોરણે સખતમાં સખત પગલાં લેવામાં આવે. ટ્યુશન સંચાલકોએ જણાવ્યું કે કોન્સેપ્ટ અને ઈન્ટિગ્રેટેડ સ્કૂલોના કારણે તેમના વ્યવસાયને માઠી અસર થઈ રહી છે અને વિદ્યાર્થીઓ સાથે અન્યાય થઈ રહ્યો છે.

નવરચના ઇન્ટરનેશનલ સ્કૂલ IB વડોદરાનું IGCSE ધોરણ 10માં 100% પરિણામ

ઇશાન કરાણી

યશ્વી ત્રિવેદી

તનિષ્કા પટેલ

આદિત્ય પટેલ

ઇશાન કરાણી 9 વિષયમાં A ગ્રેડ સાથે સ્કૂલ ટોપર, 40 વિદ્યાર્થીઓએ ICE એવોર્ડ મેળવ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

નવરચના ઈન્ટરનેશનલ સ્કૂલ વડોદરા IB દ્વારા IGCSE ક્લાસ 10 બોર્ડ પરીક્ષા 2025-26નું 100% પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ વર્ષે શાળાના કુલ 60 વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને તમામ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

સ્કૂલ ટોપરમાં ઈશાન કરાણીએ તમામ 9 વિષયમાં A ગ્રેડ મેળવીને શાળામાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. IGCSE પરીક્ષામાં 40 વિદ્યાર્થીઓ ICE એવોર્ડ માટે ક્વોલિફાય થયા છે. ICE એવોર્ડ પાંચ અલગ અલગ વિષય જૂથમાંથી 7 વિષયમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને મળે છે. ICE એવોર્ડ મેળવનાર 40 વિદ્યાર્થીઓમાંથી 20% વિદ્યાર્થીઓએ ડિસ્ટિંક્શન અને 65% વિદ્યાર્થીઓએ મેરિટ પ્રાપ્ત કર્યું છે. શાળાના ટોપર્સમાં ઈશાન કરાણી - 9A, યશ્વી ત્રિવેદી 7A* 2A, તનિષ્કા પટેલ 7A* 1A, આદિત્ય પટેલ 6A* 1A 2B નો સમાવેશ થાય છે. શાળા મેનેજમેન્ટે જણાવ્યું કે આ પરિણામ વિવિધ વિષયોમાં શૈક્ષણિક સફળતા દર્શાવે છે. ભાષા, માનવતા અને સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન, ગણિત અને પ્રોફેશનલ એન્ડ ક્રિએટિવ જેવા વિષયોમાં વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ દેખાવથી NISV-IBમાં શિક્ષણ અને અધ્યયનની મજબૂતાઈ સાબિત થાય છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ 130 મીટર લાંબા સ્ટીલ બ્રિજનું લોન્ચિંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ત્રાલસી ગામ નજીક ભારતીય રેલવે ટ્રેક પર 330 મીટર લાંબા સ્ટીલ બ્રિજના 130 મીટર લાંબા સ્પાનનું સફળ લોન્ચિંગ પૂર્ણ થયું છે. આ બ્રિજ સુરત-વડોદરા વિભાગ વચ્ચે આવેલા DFCC ટ્રેકને પાર કરે છે.

બ્રિજમાં 100+130 મીટરનો કન્ટિન્યુઅસ સ્પાન અને 100 મીટરનો સિમ્પલી સપોર્ટેડ સ્પાન સામેલ છે. 16 મેના રોજ લોન્ચ કરાયેલા સ્પાનનું વજન અંદાજે 2900 મેટ્રિક ટન છે. ગુજરાતના ઉમરગામ સ્થિત વર્કશોપમાં તૈયાર કરાયેલા આ બ્રિજને 100 વર્ષની આયુષ્યને ધ્યાનમાં રાખી ડિઝાઈન કરવામાં આવ્યો છે. આ સ્પાનને 14 મીટરની ઊંચાઈએ એસેમ્બલ કરી સેમી-ઓટોમેટિક જેકથી આગળ ધપાવવામાં આવ્યો હતો. સમગ્ર કામગીરી દરમિયાન માલગાડીઓની અવરજવરમાં ઓછામાં ઓછો વિક્ષેપ થાય તેની ખાસ કાળજી લેવામાં આવી હતી. 330 મીટરના બ્રિજમાંથી અત્યાર સુધી 230 મીટરનું કામ પૂર્ણ થયું છે.

બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા નાડી પરીક્ષણ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા વૈદિક વેલનેસના સહયોગથી હેલ્થ એન્ડ વેલનેસ સેશન તથા વ્યક્તિગત નાડી પરીક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આયુર્વેદ નિષ્ણાત ડો.ગીતા મહેતા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં 25થી વધુ લોકોએ ભાગ લઈ સેશનનો લાભ લીધો. ડૉ.ગીતા મહેતાએ શરીરની રચના, આયુર્વેદિક પ્રકૃતિ અને પ્રકૃતિનું સંતુલન કેવી રીતે જાળવવું? તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિવિધ પ્રકૃતિ ધરાવતા લોકો માટે કયો આહાર યોગ્ય છે? સ્વસ્થ જીવનશૈલી કેવી રીતે અપનાવવી? તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સેશન દરમિયાન પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત લોકોએ આરોગ્ય સંબંધિત પ્રશ્નોના સંતોષકારક જવાબ મેળવ્યા હતા. ડૉ.ગીતા મહેતાએ વ્યક્તિગત નાડી પરીક્ષણ કરી ભાગ લેનાર લોકોને આરોગ્ય અંગે માર્ગદર્શન આપ્યું હતું. આયુર્વેદ, ઘરેલુ ઉપચાર અને જીવનશૈલીમાં જરૂરી ફેરફારો દ્વારા સ્વાસ્થ્ય સુધારવા અંગે માહિતી આપી હતી. કિન્નરી હરિયાણી, ફાઉન્ડર અને ડિરેક્ટર, બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા ડૉ.ગીતા મહેતાનો આભાર વ્યક્ત કરવામાં હતો. કાર્યક્રમ દ્વારા આયુર્વેદ અને સ્વસ્થ જીવનશૈલી અંગે જનજાગૃતિ ફેલાવવા સાથે લોકોને સ્વાસ્થ્ય પ્રત્યે વધુ જાગૃત બનાવવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

કોન્ટ્રાક્ટરો સામે કડક પગલાં ભરવામાં ધારાસભ્યનું રહસ્યમય મૌન

અકોટા વિધાનસભામાં વિસ્તારમાં ભુવા અને લાઈનો લીકેજ થતાં જનતા ત્રાહિમામ

ધારાસભ્ય ચૈતન્ય દેસાઈ માત્ર વહીવટોમાં વ્યસ્ત હોવાનો જનતાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરના હાર્દ સમાન અકોટા વિધાનસભા વિસ્તારમાં છેલ્લા ચાર વર્ષથી પ્રાથમિક સુવિધાઓનો અભાવ લોકો માટે માથાનો દુખાવો બન્યો છે. વિસ્તારમાં વારંવાર પડતા ભુવા અને પીવાના પાણીની લાઈનોમાં થતા લીકેજના કારણે સ્થાનિક રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સમગ્ર શહેરમાં સૌથી વધુ ભુવા અને પાણીની લાઈન લીકેજની ઘટનાઓ અકોટા વિસ્તારમાં નોંધાતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિકો ખુલ્લેઆમ આક્ષેપ કરી રહ્યા છે કે વિસ્તારના ધારાસભ્ય ચૈતન્ય દેસાઈ જનતાની મૂળભૂત સમસ્યાઓ ઉકેલવામાં નિષ્ફળ રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, રસ્તાઓ પર પડતા ભુવાના કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનો સતત ભય ઉભો થયો છે. બીજી તરફ પીવાના પાણીની લાઈનોમાં વારંવાર લીકેજ થતાં હજારો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. સાથે જ ગંદુ પાણી મિશ્રિત થઈ ઘરોમાં પહોંચતા લોકોના આરોગ્ય સામે પણ ખતરો ઊભો થયો છે. અનેક રજૂઆતો છતાં સમસ્યાઓનો કાયમી ઉકેલ ન આવતા લોકોમાં અસંતોષ વધી રહ્યો છે.

લોકોમાં ચર્ચા છે કે અગાઉ પાલિકાની ચૂંટણીમાં કામ ન કરનાર કાઉન્સિલરોને 'નો રિપીટ થિયરી' હેઠળ દૂર કરવામાં આવ્યા હતા, તો હવે ધારાસભ્યની જવાબદારી અંગે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે ધારાસભ્ય માત્ર પોતાના માનીતા કોન્ટ્રાક્ટરોને કામો આપીને નિષ્ક્રિય બની ગયા છે. ભુવા અને લીકેજ જેવી ગંભીર સમસ્યાઓ અંગે સંકલન બેઠકોમાં મુદ્દાઓ કેમ ઉઠાવવામાં આવ્યા નથી અને બેદરકાર કોન્ટ્રાક્ટરો સામે શું કાર્યવાહી થઈ તેવા સવાલો લોકો પૂછવા લાગ્યા છે.

વિકાસના દાવાઓ વચ્ચે અકોટાની વાસ્તવિક સ્થિતિ જુદી જ તસવીર રજૂ કરી રહી છે. કોન્ટ્રાક્ટરો સાથેની કથિત મિલીભગત અને તંત્રની બેદરકારીના કારણે લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. હવે આગામી સમયમાં આ અસંતોષ રાજકીય અસર ઊભી કરે છે કે નહીં તે જોવું રહ્યું.

મુવાલ ગામે ખેતરમાં મળેલા કંકાલમા ચોંકાવનારો ખુલાસો

પ્રેમપ્રકરણમાં મહિલાની હત્યા કરી લાશ ફેંકી હોવાનો ઘટસ્ફોટ

કંકાલ મળ્યાના દોઢ મહિનામા સાવલી પોલીસે મર્ડર મિસ્ટ્રીનો ભેદ ઉકેલ નાખ્યો, હત્યારાને ઝડપી પાડયો

(પ્રતિનિધિ) વડોદરા તા.20

સાવલી તાલુકાના મુવાલ ગામની સીમમાં આવેલી નિલગીરીના ખેતરમાંથી દોઢ મહિના પહેલા મળેલા અજાણ્યા મહિલાના કંકાલના કેસમાં પોલીસે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. સાબરકાંઠાની મહિલાની હત્યા કરીને લાસ ફેંકી દીધી હોવાનો ઘટસ્ફોટ થતા ચકચાર મચી ગઈ છે. પરિવારજનો અને સાક્ષીઓની પૂછપરછના આધારે પોલીસે મર્ડર મિસ્ટ્રીનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડી વધુ તપાસ શરૂ કરી છે.

સાવલી તાલુકાના મુવાલ ગામની સીમ માં આવેલા નિલગીરીના ખેતરમાંથી દોઢ મહિના પહેલા મહિલાનું કંકાલ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સાવલી પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને કંકાલને પોસ્ટમોર્ટમ માટે મોકલી આગળની તપાસ હાથ ધરી હતી.

પ્રારંભિક તપાસમાં પોલીસને મહિલાની હત્યા કરીને લાશ ખેતરમાં ફેંકી દેવામાં આવી હોવાની આશંકા ઉભી થતા કેસમાં ગંભીરતાથી તપાસ શરૂ કરવામાં આવી હતી. ટેક્નિકલ માહિતી અને પૂછપરછના આધારે પોલીસે કંકાલની ઓળખ સાબરકાંઠા જિલ્લાના અંત્રોલીવાસ ખાતે રહેતી ભાવનાબેન પરમાર તરીકે કરી હતી.

ભાવનાબેનના પુત્ર દિલીપસિંહ અર્જુનસિંહ પરમારની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે તેમના પિતાના 17 વર્ષ પહેલા અવસાન થયા બાદ માતા થોડા વર્ષ સુધી પરિવાર સાથે રહ્યા હતા અને ત્યારબાદ અરવલ્લી જિલ્લામાં મામાના ઘરે રહેવા ગયા હતા. દોઢ મહિના પહેલા તેઓ પાવાગઢ જવાનું કહીને નીકળ્યા હતા, પરંતુ ત્યારબાદ તેમનો કોઈ સંપર્ક થયો ન હતો.

પોલીસે પરિવારજનો તેમજ સંબંધિત લોકોની સઘન પૂછપરછ કરતા સમગ્ર કેસની હકીકત બહાર આવી હતી. તપાસમાં સામે આવ્યું કે ભાવનાબેનની હત્યા કર્યા બાદ તેમની લાશ મુવાલ ગામની સીમમાં આવેલા ખેતરમાં ફેંકી દેવામાં આવી હતી. મહત્વના પુરાવા અને નિવેદનોના આધારે પોલીસે હત્યા કરનાર આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દોઢ મહિના સુધી રહસ્ય બનેલા આ કેસનો ભેદ ઉકેલાતા સાવલી પોલીસને મોટી સફળતા મળી હોવાનું માનવામાં આવે છે.

નવરચના યુનિવર્સિટીની SEDA એક્ઝિબિશનમાં સર્જનાત્મકતાની ઝલક

500 વિદ્યાર્થીઓના 1500 મોડેલ્સ અને 2000થી વધુ ચિત્રો પ્રદર્શિત

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરાની નવરચના યુનિવર્સિટીની સ્કૂલ ઓફ એન્વાયર્નમેન્ટલ ડિઝાઈન એન્ડ આર્કિટેક્ચર (SEDA) દ્વારા આયોજિત 'સ્પ્રિંગ 2026 સેમેસ્ટર એન્ડ એક્ઝિબિશન'માં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને ચાર મહિનાની મહેનતનું અનોખું પ્રદર્શન કરવામાં આવ્યું છે. બેચલર ઓફ આર્કિટેક્ચર, બેચલર ઓફ ડિઝાઈન (ઈન્ટિરિયર) તેમજ બેચલર ઓફ ડિઝાઈન (પ્રોડક્ટ ડિઝાઈન અને વિઝ્યુઅલ કોમ્યુનિકેશન) એમ ત્રણ ડિઝાઈન પ્રોગ્રામ્સના આશરે 500 વિદ્યાર્થીઓના 1500 જેટલા મોડેલ્સ અને લગભગ 2000 ચિત્રો અહીં પ્રદર્શિત કરાયા છે.

એક્ઝિબિશનમાં અપ-સાયકલિંગ અને રિ-સાયકલિંગ આધારિત પ્રોજેક્ટ્સ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે, જેમાં રોજિંદા ઉપયોગની સામગ્રીને પર્યાવરણમૈત્રી ઉત્પાદનોમાં રૂપાંતરિત કરવાની કલ્પનાઓ રજૂ કરવામાં આવી છે. ઉપરાંત, પર્યાવરણને અનુકૂળ આર્કિટેક્ચર, જાહેર સ્થળોની અછત, ફૂટપાથ જેવી શહેરી સમસ્યાઓ અને જનકેન્દ્રિત ડિઝાઈનને લગતા પ્રોજેક્ટ્સ પણ પ્રદર્શિત કરાયા છે.

નવરચના એજ્યુકેશન સોસાયટીના ચેરપર્સન તેજલબેન અમીને વિદ્યાર્થીઓના કાર્યોને વર્તમાન સમયના શ્રેષ્ઠ અને સુસંગત પ્રોજેક્ટ્સ ગણાવ્યા હતા. જ્યારે પ્રો. પ્રત્યુષ શંકરે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ્સ વિદ્યાર્થીઓમાં ઈકોલોજી, પુનઃઉપયોગ અને સમાજ પ્રત્યે સંવેદનશીલતા વિકસાવે છે.

આ એક્ઝિબિશન 21 મે સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

રૂ.46.95 કરોડ ઠગનાર આરોપીની જામીન અરજી નામંજૂર કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

ગાંધીનગર સાયબર ક્રાઈમ સેલ CID ક્રાઈમમાં નોંધાયેલા કરોડોની ઠગાઈ કેસમાં ગુજરાત હાઈકોર્ટે આરોપી ધવલ હસમુખ ઠક્કરની નિયમિત જામીન અરજી ફગાવી દીધી છે. કેસ મુજબ આરોપીઓએ રૂ.580 કરોડ ઉપાડવાની લાલચ આપી ફરિયાદી પાસેથી અંદાજે રૂ.48.95 કરોડ ભરાવડાવી છેતરપિંડી આચરી હતી.

તપાસ દરમિયાન ધવલ ઠક્કર અને અન્ય આરોપીઓની સંડોવણી સામે આવી હોવાનું કોર્ટે નોંધ્યું હતું. અરજદાર તરફથી દલીલ કરવામાં આવી હતી કે તેમની સામે કોઈ સીધો પુરાવો નથી અને સહ-આરોપીને અગાઉ જામીન મળ્યા હોવાથી સમાનતાના ધોરણે રાહત આપવી જોઈએ. જોકે હાઈકોર્ટે જણાવ્યું હતું કે આરોપીની અગાઉની જામીન અરજી પણ ફગાવાઈ ચૂકી છે અને હાલ કોઈ નવા સંજોગો રજૂ કરાયા નથી. ગુનાની ગંભીરતા, આરોપીની ભૂમિકા અને મોટી નાણાકીય છેતરપિંડીને ધ્યાનમાં રાખી કોર્ટે જામીન અરજી નામંજૂર કરી હતી.

લાયન્સ ક્લબ ઓફ બરોડા સાઉથ દ્વારા સેવાકીય પ્રવૃત્તિ

જિલ્લા ગવર્નરની મુલાકાત પ્રસંગે સભ્યોનું સ્મૃતિભેટથી સન્માન

(પ્રતિનિધિ) વડોદરા તા.20

લાયન્સ ક્લબ ઓફ બરોડા સાઉથના પ્રમુખ જ્યોતિબેન નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ લાયન્સ વર્ષ 2025-26 દરમિયાન વિવિધ સેવાકીય અને સમાજોપયોગી કાર્યક્રમો સફળતાપૂર્વક યોજાયા હતા. ક્લબના તમામ સભ્યોના સહયોગથી આયોજિત આ પ્રવૃત્તિઓએ સમાજમાં માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

વર્ષ દરમિયાન ડાયાબિટીસ નિદાન કેમ્પ, મેગા મેડિકલ કેમ્પ, માનસિક આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ, ભૂખ્યા લોકોને અન્નસેવા, જરૂરિયાતમંદોને સાયકલ વિતરણ તેમજ ગરીબ અને હોશિયાર વિદ્યાર્થીઓને પુસ્તકો અને ફી સહાય જેવા અનેક સેવાકીય પ્રોજેક્ટો હાથ ધરાયા હતા. ક્લબ દ્વારા માનવતાવાદી અભિગમ સાથે વિવિધ ક્ષેત્રોમાં સતત કામગીરી કરવામાં આવી હતી.

ગઈકાલે યોજાયેલા ક્લબ મુલાકાત કાર્યક્રમ દરમિયાન જિલ્લા ગવર્નર

દીપકભાઈ સુરાણાએ ક્લબની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે પ્રમુખ જ્યોતિબેન પટેલ દ્વારા ક્લબના સભ્યોને તેમના સહયોગ અને સેવાકીય યોગદાન બદલ સ્મૃતિભેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ક્લબના સભ્ય, વેરા સલાહકાર અને લાયન્સ ડિસ્ટ્રિક્ટ 3232 F-1ના જનસંપર્ક અધિકારી દીપકભાઈ પ્રવીણભાઈ અમીનને પણ વિશેષ સ્મૃતિભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં તેમની સુપુત્રી તથા વોર્ડ નં. 13ના નવ નિયુક્ત કાઉન્સિલર નિધિબેન નીતિનભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પાડોશી મહિલા ફ્રેન્ડ સાથે પતિના સંબંધની જાણ થતાં પત્નીએ અભયમની મદદ માંગી

પતિ પત્ની અને વોનો કિસ્સો : લવ મેરેજ કરનાર પતિએ પત્નીની મહિલા ફ્રેન્ડ સાથે સંબંધો બાધ્યા

મહિલા ટીમે પતિ, પત્ની અને મહિલાની ફ્રેન્ડનું કાઉન્સેલિંગ કરી તૂટતો પરિવાર બચાવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરાના ગોરવા વિસ્તારમાં પરિવારિક સંબંધોમાં તણાવ અને વિશ્વાસઘાતનો એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. પોતાના પતિ અને પાડોશમાં રહેતી મહિલા ફ્રેન્ડ વચ્ચે નજીકના સંબંધ હોવાની જાણ થતાં એક મહિલાએ આખરે 181 અભયમ હેલ્પલાઈનની મદદ લેવી પડી હતી. અભયમ ટીમે સમયસર સ્થળ પર પહોંચી કાઉન્સેલિંગ દ્વારા મામલો થાળે પાડી પરિવાર તૂટતો બચાવ્યો હતો.

માહિતી મુજબ, ગોરવા વિસ્તારમાં રહેતા દંપતીએ પ્રેમલગ્ન કર્યા હતા અને તેમને બે દીકરીઓ તથા એક દીકરો છે. પતિ માંજલપુર વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીમાં નોકરી કરે છે. પાડોશમાં રહેતી એક મહિલા તેમના ઘરે અવારનવાર આવતી જતી હોવાથી બંને પરિવારો વચ્ચે સારા સંબંધો બંધાયા હતા. શરૂઆતમાં બધું સામાન્ય લાગતું હતું, પરંતુ સમય જતાં પતિ અને પાડોશી મહિલા વચ્ચે નજીકતા વધી રહી હોવાનું પત્નીને અનુભવ થવા લાગ્યો હતો.

પતિના મોબાઈલ ફોન પર વારંવાર આવતા કોલ, સતત મેસેજ અને બદલાતા વર્તનને કારણે પત્નીને શંકા ગઈ હતી. શરૂઆતમાં તેણે આ બાબતને અવગણવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બાદમાં પતિનો પીછો કરતાં તેણે પતિને પાડોશી મહિલાને મળવા અને તેને લેવા જતાં જોઈ લીધા હતા. આ ઘટનાથી પત્ની માનસિક રીતે તૂટી પડી હતી.

પત્નીએ આ મુદ્દે પતિ સાથે ચર્ચા કરતાં પતિએ આખી હકીકત સ્વીકારી લીધી હતી. પરિવાર અને બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખી મહિલાએ મામલો વધુ વકરે તે પહેલાં 181 અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો.

અભયમ ટીમે સ્થળ પર પહોંચી પતિ-પત્ની તેમજ પાડોશી મહિલાનું વિસ્તૃત કાઉન્સેલિંગ કર્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન બાળકોના ભવિષ્ય અને પરિવારની સ્થિરતાને ધ્યાનમાં રાખી પતિ અને પાડોશી મહિલાએ પોતાની ભૂલ સ્વીકારી હતી અને ભવિષ્યમાં એકબીજાના સંપર્કમાં નહીં રહેવાની ખાતરી આપી હતી. અભયમ ટીમની સમજદારીભરી કામગીરી અને સમયસરના હસ્તક્ષેપના કારણે એક પરિવાર વિખેરાતો અટક્યો હતો.

21 જૂને લેવાનારી પોલીસ ભરતીની લેખિત પરીક્ષા મોકૂફ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા 21 જૂને યોજાનારી પોલીસ ભરતીની લેખિત પરીક્ષા મોકૂફ રાખવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. નીટ પરીક્ષા સાથે જ તારીખ આવતી હોવાથી ઉમેદવારો અને વહીવટી તંત્રને મુશ્કેલી ન પડે તે હેતુસર આ નિર્ણય લેવાયો છે.

વાયરલેસ PSI, MT PSI તથા હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર-મેકેનિકની લેખિત પરીક્ષાઓ હાલ પૂરતી સ્થગિત રાખવામાં આવી છે. હજારો ઉમેદવારો આ પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત હતા ત્યારે અચાનક પરીક્ષા મોકૂફ રહેતાં મિશ્ર પ્રતિક્રિયાઓ સામે આવી છે. કેટલાક ઉમેદવારોને તૈયારી માટે વધુ સમય મળવાથી રાહત અનુભવાઈ છે, જ્યારે કેટલાકે આયોજનમાં ફેરફારને લઈને નારાજગી વ્યક્ત કરી છે. પોલીસ ભરતી બોર્ડ દ્વારા પરીક્ષાની નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ઉમેદવારોને સત્તાવાર વેબસાઈટ પર સતત નજર રાખવાની સૂચના આપવામાં આવી છે.

વાઇલ્ડ લાઇફ ટીમે જીવના જોખમે કર્યું રેસ્ક્યુ,જોવા માટે લોકોના ટોળેટોળા ઉમટ્યા

વિશ્વામિત્રીમાં મગરો પર સંકટ યથાવત નાગરવાડા બ્રિજ પાસે મહાકાય મગર ફસાયો

(પ્રતિનિધિ) વડોદરા,20

વિશ્વામિત્રી નદીમાં ઊંડી અને પહોળી કરવાની કામગીરી વચ્ચે વધુ એક વખત મગરને લઈને ચિંતાજનક ઘટના સામે આવી છે. નાગરવાડા બ્રિજ પાસે નદીમાં એક મહાકાય મગર ફસાઈ જતા વિસ્તારમાં ભારે કુતૂહલ અને ચિંતા ફેલાઈ ગઈ હતી.

વડોદરા શહેરના નાગરવાડા બ્રિજ નજીક ચાલી રહેલા કામના કારણે મગર એક જગ્યાએ ફસાઈ ગયો હતો અને બહાર નીકળી શકતો ન હતો. વિશ્વામિત્રી નદીમાં હાલ ચાલી રહેલી કામગીરી દરમિયાન અનેક મગરોના મોત થયાના આક્ષેપો વચ્ચે આ નવી ઘટના સામે આવી છે. ઘટનાની જાણ થતાં જ વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. ટીમે ભારે જહેમત બાદ સુરક્ષિત રીતે મગરનું રેસ્ક્યુ હાથ ધર્યું હતું. રેસ્ક્યુ બાદ મગરને પાંજરામાં પૂરીને વધુ કાર્યવાહી

હાથ ધરવામાં આવી હતી. મગરને જોવા માટે સ્થાનિક લોકોના ટોળેટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. વિશ્વામિત્રી નદીમાં સતત સામે આવી રહેલી મગરોની ઘટનાઓને પગલે સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે. વન વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. વિશ્વામિત્રી નદીના વિકાસ કામો વચ્ચે વન્યજીવોની સલામતીનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે.

ઠગાઈના ગુનામાં ફરાર આરોપીને LCB ઝોન-2એ ઝડપી પાડયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

વડોદરા શહેર એલસીબી ઝોન-2ની ટીમે ફતેગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઠગાઈ અને વિશ્વાસઘાતના ગુનામાં સંડોવાયેલા નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે કિસ્મત ચોકડી વિસ્તારમાં વોચ ગોઠવી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર, સંયુક્ત પોલીસ કમિશ્નર નિલેશ જાજડીયા તથા અધિક પોલીસ કમિશ્નર સુધીર દેસાઈના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ દરમિયાન માહિતી મળી હતી કે આરોપી શાહિદ ઉર્ફે બમ્પો સલીમ પટેલ કિસ્મત ચોકડી પાસે હાજર છે. માહિતીના આધારે એલસીબી ઝોન-2ની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી આરોપી શાહિદ ઉર્ફે બમ્પો સલીમ પટેલ (રહે. નવીનગરી, આત્મજ્યોતી સ્કૂલ સામે, તાંદલજા)ને ઝડપી પાડ્યો હતો. આરોપીને આગળની કાર્યવાહી માટે ફતેગંજ પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે.